### પોલીસ અગાઉના બનાવોથી બોધપાઠ લેશે...?

# જિલ્લામાં ગ્રાહકોથી ધમધમતા બજારોમાં પોલીસ અદ્રશ્ય

**ધોળે દિવસે તહેવારો સમયે લૂંટ, તસ્કરીના બનાવની ભીતી બાયડ**

(બ્યુરો ઓફિસ) તા.૦૨

દિપાવલીનું પર્વ શરુ થયું પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના બજારી છેલ્લા દિવસથી ગ્રાહકોથી ધમ ધમવા લાગ્યા છે. બજારોમાં પોલીસ માત્ર દેખાડા ખાતર રાઉન્ડમારી અદ્રશ્ય થઈ જતી હોવાથી ધોળે દિવસે તહેવાર સમયે બજારોમાં લૂંટ, તસ્કરીના બનાવની આશંકા વ્યક્ત થઈ છે. અગાઉ પણ જિલ્લાના શહેરી વિસ્તારોમાં દિપોત્સ વી સમયે લૂંટના બનાવ નોંધાયેલા છે ત્યારે પોલીસ આ બનાવો ઉપરથી બોધપાઠ લેશે ખરી..?? તેવા સવાલ વેપારી આલમમાંથી ઉઠડ્યા છે.

જિલ્લામાં એક તરફ ટ્રાફીક વ્યવસ્થા લકવાગ્રસ્ત બની જતાં તાલુકા અને જિલ્લા મથકોએ ખરીદી અર્થે આ વતા ગ્રાહકોને પોતાનું વાહન પાર્ક કરવું હોય તો પણ ફાંફે ચઢવું પડે તેવી સ્થિતિ તહેવારો દરમ્યાન બજારોમાં જોવા મળી રહી છે. કાપડ, ઈલેક્ટ્રોનિક્સ તેમજ ગૃહ સજાવટની ચીજવસ્તુઓની ખરીદી માટે ગ્રાહકોનો ધસમસતો પ્રવાહ શરુ થયો છે તેની સાથે હવે લૂંટારુ તેમજ ગઠીયાટોળકી પણ ભીડનો ફાયદ ઉઠાવી શકે છે. પોલીસ દ્વારા તહેવારોને અનુલક્ષી જાહેરનામા બહાર પાડવામાં આવતા હોય છે પરંતુ ખુદ પોલીસ જ બજારોમાં યોગ્ય સુરક્ષા પ્રબંધ ગોઠવવામ ઉણી ઉતરતી હોય છે. જિલ્લાના બજારી ગ્રાહકોથી ધમધમતાં થયાં છે તેમાં શહેરી વિસ્તારોમાં પોલીસ માત્ર મુખ્યમ ર્ગ ઉપર સરકારી વાહનો ઉપર અનુકૂળતાએ રાઉન્ડમારી પછી ની દગ્યારાહ થઈ જતી હોવાના કારણે ભીડનો ફાય દઉઠાવી લૂંટારુઓ તેમજ તસ્કરો ગુનાને આસાનીથી અંજામ આપે તેવી ભીતી વ્યક્ત થઈ છે.

**બજારોમાં બંદોબસ્ત ગોઠવવામાં સ્થાનિક પોલીસ નિરસ**

જિલ્લાની બજારોમાં દિવાળીની ખરીદીનો માહોલ જામ્યો છે. તમામ તાલુકા અને જિલ્લા મથકો ના બજારી ગ્રાહકોની ભીડથી ઉભરાતાં બંદોબસ્તની જવાબદારી છે જે પોલીસ સ્ટેશનની બની રહેતી હોય છે પરંતુખ દિ પોલીસ જ બજારોમાં યોગ્ય સુરક્ષા પ્રબંધ ગોઠવવામાં નિરસ જણાય છે જેથી બજારોમાં ગ્રાહકોના સ્વાંગમાં લૂંટારુ અને તસ્કરો ખેલ પાડે તેવી દહેશત છે.

# સાર્વજનિક હોસ્પિટલ મોડાસાને પ્લાઝમા સ્ટરાઈલ મશીન ભેટ મળી




બાયડ તા.૨

હાર્દિકભાઈ પટેલ-સ્ટરાઈલ સેફક્વીપ એન્ડ કેમીકલ્સ-અમદાવાદ સાર્વજનિક તરફથી સેવાસંઘ સાર્વજનિક હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત, ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ મોડાસાને પ્લાઝમા સ્ટરાઈલ મશીન ભેટ આપેલ છે. જેની અંદાજીત કિંમત ૧૯ લાખ રૂપિયા થાય છે. સામાન્ય રીતે ઓટો ક્લેવના મશીનમાં તાપમાન (ટેમ્પરેચર) વધુ હોવાથી ઓપરેશનના સાધનોને નુક્શાન થતુ હોઈ છે, આ પ્લાઝમા સ્ટરાઈલ મશીનથી ઓછા તાપમાને (ટેમ્પરેચર) સાધનોનું શુધ્ધીકરણ થતુ હોવાથી સાધનો લાંબા સમય સુધી સચવાય છે તેમજ તમામ બેક્ટેરીયા અને અન્ય કીટાણુ નાશ પામે છે. આ મશીન ગુજરાતમાં જુજ હોસ્પિટલોમાં હોય છે.

શ્રી હાર્દિકભાઈ પટેલનો સંસ્થાના ચેરમેનશ્રી જીગીશભાઈ મહેતા, મંત્રીશ્રી પુનમભાઈ પટેલ તથા શ્રી પિયુષભાઈ પટેલ તથા ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ શ્રી રાકેશભાઈ પટેલ દ્વારા આભાર માનવામાં આવ્યો. હતો.

# બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માથું ઉંચકતો ડેન્ગ્યુ તાવ....

**દિવાળી પર્વ ઉપર બિમારીનું સંક્ટ બાયડ**

(બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ડેબ્યુના રોગચાળાએ માથું ઉંચક્યું છે. એડિસ ઈજીપ્તિ મચ્છરના કારણે ઈન્દ્રાણ તેમજ આનંદપુરામાં ડેબ્યુના ૨ કેસ નોંધાતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં તાબડતોબ દવા છંટકાવતેમજ પોરાનાશક કામગીરી શરુ કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તાર માં એક સપ્તાહથી ડેબ્યુના કેસ વધતાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વે શરુ કરવામાં આવ્યો છે. દિવાળીના પર્વ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારોમાં બિમારીનું સંકટ ઉભું થયું છે. વાયરલ બિમારીઓ પછી ડેબ્યુના રોગચાળાએ ચિંતા જન્માવી છે. કોરોનાનું સંક્ર મણ ઘટતાં પ્રજાએ નવરાત્રિ તેમજ દશેરા પર્વની ધામધુમથી ઉજવણી કરી સોશ્ય લ ડિસ્ટન્સના નિયમો તાકીદ છતાં ગાઈડલાઈન ભૂલાઈ અને હવે આગામી સમય માં દિપાવલી ના તહેવારો પછી કોરોનાનું સંકટની દહેશત વચ્ચે ડેબ્યુના રોગચાળ એ દસ્તક દીધી છે. બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટેની આરોગ્ય વિભાગની કામગીરી છતાં એક પછી ડેન્ગ્યુના કેસના કેસ સામે આવી રહ્યા છે. તાલુકાના ઈન્દ્રાણ અને આનંદપુરામાં ડેબ્યુના ૨ કેસ નોંધાયા હોવાથી વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્યલક્ષી કામ ગીરી શરુ કરવામાં આવી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે.

# પાલનપુરમાં ઠેરઠેર ગેરકાયદે ચાલતો ફટાકડાનો વેપલો : તંત્ર ગાંધારીની ભૂમિકામાં

પાલનપુર તા. ૨

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વહીવટી તંત્રના ફરમાનો જાણે પોથીમાં ના રીંગણા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. તંત્ર માત્ર જાહેરનામાં પ્રસિદ્ધ કરી ફરજ પુરી કર્યાનો આત્મસંતોષ વ્યક્ત કરે છે પરંતુ તે જાહેરનામાંનો અમલ થાય છે કે કેમ? તેની તસ્દી લેવાની ફુરસદ તંત્ર પાસે નથી. જેને પગલે પાલનપુરમાં ગેરકાયદે ફટાકડાનો વેપલો ચાલી રહ્યો છે. ભરબજારમાં ધમધમી રહેલ ફટાકડાની લારી-દુકાનો બારુદના ઢેર સમી પુરવાર થાય અને કોઈ અનહોની સર્જાય તે પૂર્વે તંત્ર પગલાં ભરે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

બનાસકાંઠા જિલ્લામાં ૧૩ વેપારીઓ ફટાકડાના વેચાણના કાયમી લાયસન્સ ધરાવે છે. જ્યારે પાલનપુરમાં દિવાળી પર્વે ફટાકડાના વેચાણ માટે ૩૦ વેપારી ઓએ હંગામી લાયસન્સની માંગણી કરી છે. જેની સામે પાલનપુરની બજારમાં ભરચક ટ્રાફિક વચ્ચે ૩૦૦ થી વધુ ફટાકડાની હાટડીઓ ધમધમી રહી હોવાની રાવ ઉઠી છે. બનાસકાંઠા જિલ્લામાં ગત વર્ષે કોરોના સંકટ ને લઈ દિવાળીના તહેવારોમા ફિકાસ જોવા મળી હતી. જ્યારે આ વર્ષે કોરોના અંકુશમાં હોઈ દિવાળીના તહેવારોને લઈ લોકોમાં ઉત્સાહ છવાયો છે. જેમાં મંદી અને મોંઘવારી થી પર રહી લોકો દિવાળીની ખરીદી તરફ વળતા બજારોમાં પણ તેજી નો માહોલ જામતા વેપારીઓમાં ખુશીનો માહોલ જામ્યો છે. જોકે, ભૂતકાળમાં ફટાકડા ની દુકાનોમાં આગ હોનારતો ટાણે નિર્દોષ માનવ જીંદગીઓ હોમાઈ ચુકી છે. ત્યારે હપ્તાના હડમાલામાં વ્યસ્ત તંત્ર લોકોના જાનમાલની ચિંતા કરી ભર બજારમાં ચાલતી ગેરકાયદેસરની મોત ની હાટડીઓ બંધ કરાવે તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે.

**બારુદ કી ઢેર પર પાલનપુર : વગર લાઇસન્સે લારી-ગલ્લા અને દુકાનો માં વેચાઈ રહ્યા છે ફટાકડા : ભૂતકાળમાં દુર્ઘટનાઓ સર્જાઈ ચુકી છે ત્યારે કોઈ અનહોની થશે તો કોણ જવાબદાર? પાલનપુરમાં ૩૦ વેપારીએ ફટાકડા ના વેચાણ માટે હંગામી લાયસન્સ માંગ્યા: જ્યારે ૩૦૦થી વધુ હાટડી ઓ ધમધમી રહી હોવાની રાવ**

# મોટા કોટડા પ્રાથમિક શાળાના બે શિક્ષકનો વિદાય અને સન્માન સમારંભ યોજાયો




ભિલોડા, તા.૨

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામની મોટા કોટડા પ્રાથમિક શાળાના વય નિવૃત્ત બે શિક્ષકનો વિદાય અને સન્માન સમારંભ ઉત્સાહભેર યોજાયો હતો. મોટા કોટડા પ્રાથમિક શાળાના સેવાભાવી વય નિવૃત્ત મધુબેન હાથીભાઈ પટેલ અને અમૃતભાઈ છગનભાઈ પ્રજાપતિનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે નિવૃત્ત નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.ચંદ્રકાંતભાઈ વ્યાસના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. મુખ્ય મહેમાન નિષાદભાઈ ઓઝા, જીલ્લા ખેતી નિયામક,ગાંધીનગર કેતનભાઈ પટેલ,પી. એસ. આઈ. રવિભાઈ પ્રજાપતિ, સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના આંજણા ચૌધરી પટેલ સમાજના મહામંત્રી સેવાભાવી કેશુભાઈ પી.પટેલ સહિત રાજકીય અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.બંને નિવૃત્ત શિક્ષકોની સેવાકીય પ્રવૃતિને દરેક મહેમાનોએ બિરદાવી હતી.નિવૃત્ત શિક્ષકોએ રૂ. ૧,૨૧,૦૦૦=૦૦નું મતદાન શાળાના વિદ્યાર્થીઓ માટે જાહેર કર્યું હતું.મોટા કોટડા પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો, જુથ મંત્રીઓ, જુથ શાળાના શિક્ષકો, એસ.એમ.સી કમીટી સભ્યો,સી. આર.સી સભ્યો, ગ્રામજનો,બંને શિક્ષકોના પરિવારજનો અને સગાં-સંબંધીઓએ વય નિવૃત્ત શિક્ષકોને શાલ ઓઢાડી,મોમેન્ટો આપી વિશેષ સન્માન કરાયું સાથે-સાથે સન્માનભેર વિદાય આપી હતી.

### ખેતીનો વ્યવસાય તૂટતાં પશુપાલન વ્યવસાય ઉપર નિર્ભર

# અરવલ્લી જિલ્લામાં પશુપાલન વ્યવસાયનો વધારો: ૫ વર્ષમાં ૧ લાખ પશુઓની સંખ્યા વધી

**બાયડ તાલુકામાં સૌથી વધુ ગાય, ભિલોડામાં સૌથી વધુ ભેંસ નોંધાઈ બાયડ**

(બ્યુરો ઓફિસ) તા.૦૨

અરવલ્લી જિલ્લામાં મોટા ઉદ્યોગોનો વિકાસ થઈ શક્યો નથી. પિયતનો છે લાભ, મોષવારી વધી જેના ક્ષરણે ખેડૂત પરિવારો વધુ ગરી બ બનતાં જમીનો વેચાઈ રહી છે. એકંદરે જિલ્લામાં ખેતીનો વ્યવસાય સતત તૂટતાં પશુપાલન વ્યવસાયનો વ્યાપ વધ્યો છે. અરવલ્લી જિલ્લામાં પાછા લા ૫ વર્ષમાં ૧ લાખથી વધુ પશુઓની સંખ્યામાં વધારો થયો છે. ગામડે ગામડે રીના માધ્યમથી સવાર-સાંજ દૂધ સ્વીકારવામાં આવે છે જેના કારણે પશુપાલશ્રેની આર્થિક સ્થિતિમાં સુધારો આવ્યા પછી અનેક લોજ્ઞે પશુપાલન તરફ આકર્ષાયા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. જિલ્લાના બાયડ તાલુકામાં સી. થી વધુ ગાય ૭,૮૧૫ જ્યારે ભિલોડા તાલુકામાં સૌથી વધુ ભેંસ ૮૫,૨૩૫નોંધાઈ છે.

જિલ્લાની સહ ક્ષરી સંસ્થા સાબરડેરી દ્વારા દૂધ ઉત્પાદનમાં વધારો કરવાના આશયે મોટાભાગના ગામડાઓમાં સહકારીતાના ધોરણે ડેરીઓ શરુ કરવામાં આવતાં પશુપાલકોને ખાસ્સી રાહત થઈ છે. જેનો સીધો ફાયદો હવે પશુપાલન ઉપર સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. જિલ્લામ પશુપાલન વિભાગ દ્વારા વર્ષ-૨૦૧૨-૧૩ અને ૨૦૧૯-૨૦ દરમ્યાનજિલ્લાના બાયડ, મોવસા, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભિલોડ સહિતન તાલુશ્રઓમાં પશુઓની વસતીગણતરી હાથ ધરવામાં આવી હતી. દર વર્ષે થતી પશુઓની વસતી ગણતરીના આંકડાઓ ઉપર નજર કરવામાં આવે તો ૫વર્ષ દરમ્યાન ઉપરોક્ત તાલુશ્રમાં ૧,૨,૯૨૬ પશુઓની સંખ્યા વધી છે. જેમાં ટ્રાયબલ વિસ્તાર ગણાતા મેઘરજ, માલપુર તાલુશ્રમાં પણ પીવાના પાણી તેમજ ઘાસચારાની પર્યાપ્ત મુવિધા મળી રહેતાં પશુપાલન વ્યવસાય ગત વર્ષની સરખામણીએ આગળ વધી રહ્યો છે. કેટલાક વિસ તારોમાં પશુપાલકોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. અગ ંઉ ગ્રામ્ય વિસ્તારોમાં દૂધ ભરાવવું હોય તો પશુપાલકોનેરથીપ કી.મી. દૂરના સ્થળે જવું પડતું હતું પરંતુ ગાય તેમજ ભેસની સંખ્યામાં થોડી વધઘટ જોવા મળી પરંતુ એકંદરે ઉપરોક્ત તમામ તાલુકાઓમાં પશુપાલનના વ્યવસાયમાં સુધારો જણાઈ રડ્યો છે.

**જિલ્લામાં પશુઓની ૨૦૧૯-૨૦ વસતી ગણતરી મુજબ સંખ્યા**

| તાલુકો | પશુ સંખ્યા |
|---|---|
| મોડાસામાં | ૧,૫૮,૫૮૭ |
| ધનસુરા | ૯૨,૮૧૨ |
| બાયડ | ૧,૯૩,૬૦૮ |
| માલપુર | ૧, ૨૩, ૪૫૭ |
| મેઘરજ | ૨,૪૧,૦૬૪ |
| ભિલોડા | ૨,૦૮,૫૦૬ |

**મોડાસા તાલુકામાં ગાય-ભેંસ, બાયડ તાલુકામાં ગાયની સંખ્યા ઘટી**

જિલ્લાના પશુપાલન વિભાગ દ્વારા દર ૫ વર્ષે થતીમૂંગા પશુઓનીગરાતરીના આંકલ ઉપર નજર કરીએ તો મોવસા તાલુકામાં ગાય અને ભેંસની સંખ્યા ઘટી છે. જયારે બાયડ તાલુકામાં ગાયની સંખ્યામાં નોંધપાત્ર થતો થયો છે. માલપુરમાં બકરાંની સંખ્યામાં ઘટાડે નોંધાયો છે.

**જિલ્લામાં ૪.૨૫ લાખ ગાય, ૩.૮૪ લાખ ભેંસ**

વસતી ગણતરીના જાહેર થયેલા આંકડા પ્રમાણે પ્રજા ભલે એમ સમજતી હોય કે અમે ભેંસના દૂધનો ઉપયોગ કરીએ છીએ પરંતુ આંક કે તે છે કે બહુમત ઘરમાં ગાયના દૂધનું સેવન થઈ રહ્યું છે. જિલ્લાના તાલુકામાં ૪,૨૫,૦૩૨ ગાય અને૩,૮૪,૮૦૮ ભેંસની સંખ્યા નોંધાઈ છે.

# અરવલ્લી મોડાસા જીલ્લા અદાલત ખાતે મહિલા અધિકારોના જાગૃતિના મેગા જાગૃતિ કાર્યક્રમ યોજાયો






બાયડ તા.૨

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ,અમદાવાદ ના નેતૃત્વ હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,અરવલ્લી દ્વારા ઉજવવામાં આવી રહેલ આઝાદી ના અમૃત મહોત્સવના ભાગરૂપે અરવલ્લી મોડાસા જીલ્લા અદાલત ખાતે રાષ્ટ્રીય મહિલા આયોગના સહયોગથી મહિલા અધિકારોના જાગૃતિના ભાગ રૂપે મેગા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં ૪૮ મહિલાઓ એ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મહિલાઓને મહિલા અધિકરો વિશે જાગૃત કરવામાં આવી હતી. આ ઉપરાંત આ કાર્યક્રમમાં તેમણે નાલ્સા દ્વારા પ્રકાશીત કરવામાં આવેલ મહિલા અધિકારો વિશેની પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# દિવાળીના તહેવારને લઈને ધાનેરાની બજારમાં લોકોની ભીડ ઉમટી

**ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેમ જ વાહન ચોરી ન થાય તે માટે ધાનેરા પોલીસ પણ સક્રિય બની**




ધાનેરા તા. ૨

દિવાળીના તહેવાર આડે હવે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે લોકોનો પણ ઘસારો બજારોમાં વધી રહ્યો છે આજે ધાનેરા બજારોમાં પણ લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે ત્યારે ટ્રાફિકને તેમજ વાહન ચોરી ને લઈ ધાનેરા પોલીસ પણ સક્રિય બની છે અને ધાનેરાના જાહેર માર્ગોપર ટ્રાફિક સમસ્યા ન સર્જાય તેમજ ચોરી ન થાય તે માટે ધાનેરા પોલીસના કાફલાએ ચાલતા નિરીક્ષણ કર્યું હતું.


# બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં નૂતન વર્ષે બનાસ ડેરી ખાતે સ્નેહમિલન યોજાશે

પાલનપુર, તા. ૨




બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી નૂતન વર્ષે તારીખ ૫ નવેમ્બર ૨૦૨૧ ન શુક્રવારે સવારે ૯ થી ૧૧ દરમિયાન બનાસ ડેરી ખાતે ઉપસ્થિત રહી જિલ્લાના દૂધ ઉત્પાદકો, સહકારી આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકો સાથે દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓની આપલે કરશે.

# જન્મદિને વધામણી



હેત્વી હર્ષ કુમાર પટેલ
રણેચી તા. બાયડ



અશોકભાઈ રાવલ
પત્રકાર
હિંમતનગર



ત્રિલોક સી.પટેલ
ડેમાઈ તા. બાયડ



અશોકભાઈ શાહ
વિવેકાનંદ સોસાયટી
બાયડ



ડો. શ્રુતી એ.પટેલ
બાયડ



સમીર પટેલ
આક્રુંદ તા.ધનસુરા